(મૂળ અંગ્રેજી ઠરાવનું ગુજરાતી ભાષામાં અનુવાદ)

સર્વગ્રાહી કૃષિ વ્યવસાય નીતિ (૨૦૧૬-૨૧) કૃષિ ઔદ્યોગિક એકમો અને આંતરમાળખાકીય સુવિધાઓની યોજનાઓ માટે નાણાકીય સહાયની યોજનાઃ-

ગુજરાત સરકાર
કૃષિ અને સહકાર વિભાગ
ઠરાવ ક્રમાંકઃ એઆઇએસ-૧૦૨૦૧૫-૪૩૬(૧)-ક-૮
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ- ૭/૫/૨૦૧૬

ઠરાવઃ-

(૧) ઉદ્યોગ અને ખાણ વિભાગનો તા.૨-૧-૨૦01 નો ઠરાવ ક્રમાંકઃ અપન-૧૦૯૯-૨૦૦૭-આઇ અને કૃષિ અને સહકાર વિભાગનો તા.૨૩-૯-૨૦૦૯ નો ઠરાવ ક્રમાંકઃ એઆઇસી-૧૦૨૦૧૫-૪૩૬(૧)-ક-૮

(૨) મેનેજીંગ ડીરેકટર, ગુજરાત એગ્રો ઇન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિ. ની તા.૨૨-૩-૨૦૧૬ ની નોંધ

આમુખઃ-

કૃષિ ઔદ્યોગિક ક્ષેત્રે ગુજરાત પાસે વણખેડાયેલ વિશાળ અવકાશ છે. રાજય પાસે દેશની કેટલીક ખેતપેદાશો તથા બાગાયતી પેદાશોમાં ઘણી ઉચ્ચ કક્ષાનું ઉત્પાદન તથા ઉત્પાદનક્ષમતા છે. રાજયની ઔદ્યોગિક નીતિ ૨૦૧૬-૨૧ માં કૃષિ અને ખાદ્ય પ્રક્રિયાના ઉદ્યોગને એક વિકાસ પામતા ઉદ્યોગો પૈકીના એક ક્ષેત્ર તરીકે નિરૂપવામાં આવ્યું છે.

કૃષિ આધારિત ઉદ્યોગોનો વિકાસ વેગમાન બને તે માટે રાજય સરકાર વચનબધ્ધ છે. સમગ્ર ક્ષેત્રમાં બદલાવની ગુણક અસર અને વેગ લાવવા માટે પૂરવઠા સાંકળના માળખામાં પરિવર્તન કરવાની સરકારની નેમ છે. ગુજરાતે સર્વગ્રાહી કૃષિ વ્યવસાય નીતિ-૨૦૧૬ જાહેર કરી છે, જેથી કૃષિ ઉત્પાદનના મુલ્યવૃધ્ધી માટે કૃષિ અને ખાદ્ય પ્રક્રિયાના ઉદ્યોગના ક્ષેત્રોમાં મુડીરોકાણને સુગમતા રહે જેના થકી ખેડૂતોની આવકમાં વધારો થાય, ગ્રામ્ય ક્ષેત્રોમાં રોજગારીની

વધુ તકો ઉભી થાય અને ગ્રાહકોને ગુણવત્તાસભર ચીજો મળી રહે. રાજયના એકંદર વિકાસમાં , ખેતી તથા ખાદ્ય પ્રક્રિયા આધારિત એકમોનું મહત્વ અને રાજયના વિકાસદરમાં યોગદાન ધ્યાને લેતાં, કૃષિ ઉદ્યોગ નીતિ માટે ફાળવાયેલ સંસાધનો અંગે પુનઃ વિચારણા કરવાનું જરૂરી લાગ્યુ છે કે જેથી કૃષિ ઉદ્યોગ નીતિને વધુ આકર્ષક અને ખેડૂતો તથા ઉદ્યોગ સાહસિકોને હિતવર્ધક બનાવી શકાય. તદનુસાર ખેતી અને તેને લગતા ઉદ્યોગો માટે ગુજરાતમાં સરળતા રહે તેવા લાંબાગાળા આયોજન ધરાવતી સર્વગ્રાહી કૃષિ વ્યવસાય નીતિ ૨૦૧૬ અમલમાં લાવવાની બાબત રાજય સરકારની વિચારણા હેઠળ હતી.

<u>ઠ રા વઃ</u>

સર્વગ્રાહી કૃષિ વ્યવસાય નીતિ ૨૦૧૬ ની વ્યૂહાત્મક નીતિ અનુસાર , રાજય સરકાર, ખેતી અને ફૂડ પ્રોસેસીંગ એકમોને ઉત્તેજન આપવા માટે સક્રીય ભૂમિકા ભજવશે અને તેને વાઇબ્રન્ટ અને સ્થાયી બનાવશે આથી સરકાર સર્વગ્રાહી કૃષિ વ્યવસાય નીતિ ૨૦૧૬ ના દસ્તાવેજને બહાલી આપવા સાથે આનંદ અનુભવે છે.

આ નીતિના ભાગરૂપે , સરકારે પાત્રતા ધરાવતા કૃષિ અને ફુડ પ્રોસેસીંગ એકમો તથા આંતર માળખાકીય સુવિધા આપતા પ્રોજેકટોને નીચે મુજબના વિવિધ પ્રોત્સાહનો પૂરા પાડશે , જે ભારત સરકાર તરફથી મળતા પ્રોત્સાહનો ઉપરાંતના રહેશે. આ ઠરાવનો અમલ તે રવાનગી તારીખથી આવશે અને પાંચ વર્ષના સમયગાળા માટે અમલમાં રહેશે.

**(૧) વ્યાખ્યાઓ :-**

(એ) **કૃષિ ઉદ્યોગોઃ**

કૃષિ ઉદ્યોગ એટલે જેના થકી કૃષિ ઉત્પાદન/તેના મૂળ/તેમાં વધેલો ભાગ પછી તે ખાદ્ય હોય કે અખાદ્ય , તેના પર પ્રક્રિયા કરીને ઉત્પાદનોને વેચાણ યોગ્ય અથવા ઉપયોગી અથવા ખાદ્ય અથવા તેની સંગ્રહક્ષમતા વધારીને કે ખેતરથી બજાર કે તેના ભાગ સુધી પહોંચાડવા માટેની કડી પૂરી પાડવા થકી મૂલ્યવૃધ્ધી કરતા એકમો. કૃષિ ઉદ્યોગ અંતર્ગત હાઇટેક અને બાયોટેકનોલોજી આધારિત કૃષિનો પણ સમાવેશ થાય છે.

**નોંધઃ** કોઇપણ ઉદ્યોગ/પ્રવૃત્તિ/માળખું , ઉપરોકત બાબતોને પૂર્ણ ન કરતું હોય , તે આ યોજનાના કોઇ સહાયપાત્ર બનશે નહીં.

(બી ) **કૃષિ ઉત્પાદનઃ**

કૃષિ ઉત્પાદન એટલે કૃષિ બાગાયતી , રેશમના કીડાના ઉછેર , ફૂલની ખેતી , મત્સ્યોત્પાદન, ડેરી પ્રોડકટસ જેમાં ગૌણ વન્ય ઉત્પાદનો અને પશુપાલનને લગતાં ઉત્પાદનોનો સમાવેશ થાય છે.

નોંધઃ દૂધમાં મૂલ્યવર્ધક ઉત્પાદન કરતા એકમો જ ( પ્રવાહી દૂધ ઉત્પાદન/પ્રોસેસ કરતા એકમો સિવાય) આ યોજના અંતર્ગત લાભો મેળવવા માટે પાત્ર ગણવામાં આવશે.

(સી) **હાઇટેક અને બાયો-ટેકનોલોજી આધારિત કૃષિઃ**

હાઇટેક અને બાયો-ટેકનોલોજી આધારિત કૃષિ એટલે અને જેમાં એવી યોજનાઓ સમાવિષ્ટ છે કે જે ટિશ્યુ કલ્ચર, ટ્રાન્સજેનિક છોડનું ઉત્પાદન, જીવાણુઓના સમુહમાં પુષ્કળ પ્રમાણમાં વધારો (માસ મલ્ટિપ્લિકેશન ઓફ પેરાસાઇટસ પીડેટ્ર્સ) , બાયો-ફર્ટિલાઇઝર્સ માટે આથો લાવતા પ્લાન્ટ , જીન મેપીંગ , કલોનિંગ અને જીનેટિક એન્જિનિયરિંગ, ગ્રીન હાઉસ, એકવાકલ્ચર વગેરે પૈકી કોઇ એક પ્રક્રિયા થતી હોય.

(ડી) અન્ય એકમો , ઉત્પાદન તથા પ્રક્રિયા કે જેમને સમયે સમયે આમાં ઉમેરવામાં અથવા આ હેઠળ આવરી લેવાની શકયતા હોય તેમનો સમાવેશ થાય છે.

(ઇ) **નવાં કૃષિ ઉદ્યોગ એકમઃ**

નવું કૃષિ ઉદ્યોગ એકમ એટલે નીચે જણાવેલ શરતો સંતોષતા હોય તેવા એકમ કે જે આ યોજનાના અમલકાળ દરમિયાન વ્યવસાયિક ઉત્પાદન કે સેવા આપવા શરૂ કરાયેલ હોય.

(૧) આ નવા એકમ શરૂ કરવા માટે સક્ષમ અધિકારી પાસેથી એક અલગ હેતુદર્શકપત્રક પત્ર (LOI) અથવા સંમતિપત્ર અથવા નોંધણી દર્શાવતો પત્ર મેળવેલ હોવો જોઇશે.

(૨) નવા એકમ માટે અલગથી સ્પષ્ટ થાય તેવું મૂડીરોકાણ જોઇશે. અલગથી સ્પષ્ટ થઇ શકે તેવું મૂડીરોકાણ એટલે તે એકમ હયાત ઉત્પાદક પ્રવૃત્તિ સાથેનું જોડાણ ન ધરાવતું હોય , તેને એક અલગ ઉત્પાદક તરીકે સ્વતંત્ર બજાર ક્ષમતા હોય, નવું એકમ અલગ જગ્યાએ હોય , તેના અલગ હિસાબો રહેતા હોય અને નાણાકીય સંસ્થા દ્વારા સ્વતંત્ર એકમ તરીકે માન્ય હોવું જોઇએ. જોકે કાર્યરત એકમના વીજળી , વરાળ કે પ્રદૂષણ અંકુશ સગવડો

નવા પ્રોજેક્ટો સુધી વિસ્તારવામાં આવેલ હોય તો તે નવા એકમ તરીકેની પાત્રતા ગુમાવશે નહીં.

(૩) નવું એકમ કે આંતરમાળખાકીય સુવિધાની યોજના કે જેણે એકમ સ્થાપવા માટેની પ્રવૃત્તિઓ શરૂ કરેલ હોય પણ વ્યવસાયિક હેતુ માટે ઉત્પાદન શરૂ ન કરેલ હોય તેને નવા એકમ તરીકે ગણવામાં આવશે.

(એફ) **હયાત કૃષિ ઉદ્યોગ એકમોઃ**

હયાત કૃષિ ઉદ્યોગ એકમ એટલે જેણે આ યોજના જાહેર કર્યાની તારીખ પહેલાથી વાણિજિયક ઉત્પાદન શરૂ કરેલ હોય તેવા કૃષિ ઔદ્યોગિક એકમનો પ્રોજેકટ.

(જી) **વિસ્તૃતિકરણ અને વૈવિધ્યજકરણ**

જે વિસ્તૃતીકરણ કે વૈવિધ્યરકરણ લાવવા માટે, વિસ્તૃતીકરણ/ વૈવિધ્ય કરણ લાવવાની તારીખે, તેના હયાત કુલ સ્થાયી મૂડીરોકાણના ૫૦ % કરતાં વધારે રોકાણ (જેમાંથી ઓછામાં ઓછો ૬૦ % પ્લાન્ટ અને મશીનરીઓમાં હોય) યોજનાના કાર્યકાળ દરમિયાન કરેલ હોય તેવા હયાત કે નવા એકમને વિસ્તૃતીકરણ/ વૈવિધ્યમકરણ માટે માન્ય ગણવામાં આવશે. વિસ્તૃતીકરણ/ વૈવિધ્યમકરણ માટે નીચે મુજબની જ પ્રવૃત્તિ માન્ય ગણાશે.

૧. સ્થાપિત કાર્યક્ષમતાના વધારા માટે.

૨. વધારાની નવી વસ્તુના ઉત્પાદન કરવા માટે.

૩. એકમને પોતે વાપરવાના કાચા માલનું ઉત્પાદન શરૂ કરવા માટે.
(બેકવર્ડ ઇન્ટીગ્રેશન)

૪. એકમના વર્તમાન ઉત્પાદનોનો ઉપયોગ કરીને , નવી વસ્તુના ઉત્પાદન કરવા માટે.
(ફોરવર્ડ ઇન્ટીગ્રેશન)

(એચ) **આધુનિકીકરણઃ**

જો કોઇ વર્તમાન કૃષિ એકમ નવી ટેકનોલોજી/ઉત્પાદનપ્રક્રિયા અપનાવીને, અને/અથવા પોતાના ઉત્પાદનની ગુણવત્તા સુધારતા હોય અને જે માટે યોજનાના કાર્યકાળના સમય દરમ્યાન પોતાના હયાત કુલ ફીકસ મૂડીરોકાણના ૨૫ % જેટલી મૂડી , પ્લાન્ટ અને મશીનરીમાં આધુનિકરણ શરૂ કરવાની તારીખે મૂડીરોકાણ કરતા હોય અને આધુનિકરણ થકી આ યોજનાના કાર્યકાળ દરમ્યાન ઉત્પાદન શરૂ કરવામાં આવે તો તેને આધુનિકરણ ગણાશે.

**નોંધઃ** જયારે જૂની મશીનરીમાં ફેરફાર કરવામાં આવે અથવા નવી મશીનરી ઉમેરવામાં આવે ત્યારે જૂની મશીનરી ભંગારમાં કાઢી નાખવી પડશે અથવા તે નકામી બની જશે તો એ મશીનરીની કિંમત આધુનિકીકરણ માટે કરવા પડતા રોકાણમાંથી બાદ કરવામાં આવશે. આ યોજનાના લાભો હયાત મશીનરીની ફેરબદલી માટે આપવામાં આવશે નહીં.

**(આઇ) કૃષિ અને ખાદ્ય માટેના આંતરમાળખાકીય પ્રોજેકટો :-**

કૃષિ અને ખાદ્ય માટેના આંતર માળખાકીય પ્રોજેકટો એટલે એવી સવલતો જેવી કે સીએ કોલ્ડ સ્ટોરેજ, કોલ્ડ ચેઇન , ફુડ પાકર્સ , ફૂડ ઇરેડીએશન પ્લાન્ટ , સાઇલોઝ, પેક હાઉસિસ , રીફર વાન્સ વગેરે.

(જે) **કૃષિ, બાગાયતી, ડેરી, મત્સ્ય અને સામુદ્રિક , પોલ્ટ્રી અને માંસ જેવા ઉત્પાદનો માટે કોલ્ડ ચેઇન અને જાળવણી માટેના આંતરમાળખાકીય સુવિધાઓ :-**

આવી સવલતો નુકસાનીમાં ઘટાડો કરવા માટે, કાર્યક્ષમ સ્ટોરેજ , વાહનવ્યવહાર અને ઓછામાં ઓછી પ્રોસેસીંગ પ્રક્રીયાઓ થકી ફાર્મથી ગ્રાહક સુધી એક છેડેથી બીજા છેડા સુધીની એક કડી બનશે. કોલ્ડ ચેઇન પ્રોજેકટના જુદા જુદા પ્રભાગો નીચે મુજબ છેઃ

(અ) ફાર્મ સ્તરે ન્યૂનતમ પ્રક્રિયા સેન્ટર અને તે કેન્દ્રપર પર જોખવા , વર્ગીકરણ, ગ્રેડીંગ, વેકસીગ, પેકિંગ, પ્રિ-કુલિંગ, વાતાવરણ અંકુશ ( CA), વાતાવરણ બદલવા (MA), કોલ્ડસ્ટોરેજની, સામાન્ય સ્ટોરેજ અને એકલ ઝડપી ફ્રીઝીંગ ( CQF) ની સુવિધા હોવી જોઇશે.

(બ) મોબાઇલ પ્રી-કુલિંગ વેન્સ અને રીફર ટ્રકસ

(ક) વિવિધ વાતાવરણ અંકુશવાળા ( CA)/વાતાવરણ બદલવાની સુવિધા ( MA)/ મોડીફાઇડ એટમોસફીઅર ચેમ્બરો/કોલ્ડ સ્ટોરેજ/વિવિધ ભેજ ક્ષમતાની વ્યવસ્થા ધરાવતા ઓરડા , પેકિંગ સુવિધા , સફાઇની પ્રક્રિયાની સુવિધા ( CIP), ધુમ્મસ(ફોગ)ટ્રીટમેન્ટ, એકલ ઝડપી ફ્રીઝીંગ ( (IQF) અને બ્લાસ્ટ ફ્રીઝીંગ વ્યવસ્થા અને બહુમુખી ઉત્પાદન ઉત્પાદન ધરાવતા વહેંચણી કેન્દ્રો.

(ડ) **ઇરેડીએશનની સુવિધાઃ**

કાચા માલ અને તૈયાર ઉત્પાદનના યોગ્ય ઉપયોગ માટેની ઇરેડીએશનની સવલતમાં વખાર, કોલ્ડ સ્ટોરેજ વિગેરેની સવલતો સમાવેશ થઇ શકે.

નાણાકીય સહાય મેળવવા માટે રોકાણકાર પાસે (અ) , (બ) અથવા (ક) માંથી ઓછામાં ઓછા બે સવલતો હોવા જરૂરી છે. ઇરેડીએશનની સગવડ અલગથી સહાય મેળવવા સ્થાપી શકાય છે.

(કે) **રિફર વેનઃ** નાશવંત વસ્તુઓની હેરફેર માટે સેલ્ફ પાવર્ડ કુલિંગ સિસ્ટમ સાથેના રેફ્રીજરેટેડ શીપીંગ કન્ટેનર.

(એલ) ગ્રામીણ વિસ્તારમાં પ્રાથમિક પ્રોસેસીંગ કેન્દ્રો/કલેકશન સેન્ટરોમાં નીચે મુજબની સુવિધા હોવી જોઇએ.

- ૧-૨ એકરની ન્યૂનત્તમ જમીનની જરૂરિયાત
- ફાર્મ સ્તરે પ્રક્રિયાઓ માટેની ઓછામાં ઓછી સવલતો, જેમાં વજન કરવા, સફાઇ, વર્ગીકરણ, ગ્રેડિંગ , પેકિંગ , પ્રિ-કુલીંગ , કન્ટ્રોલ્ડ વાતાવરણ (અંકુશિત) ( CA)/ બદલાતું વાતાવરણ (MA), કોલ્ડસ્ટોરેજ, વખાર અને એકલ કવીક ફ્રીઝ (IQF)
- મોબાઇલ પ્રી-કુલીંગ ટ્રકસ અને રિફર ટ્રકસ કે જે નાશવંત ખેતપેદાશો/બાગાયતી ઉત્પાદનો/ડેરી/મિટ અને મત્સ્ય ઉત્પાદનો માટે યોગ્ય પરિવહન સાધન તરીકે યોગ્ય હોય.

(એમ) **એકંદર (ગ્રોસ) સ્થાયી મૂડીરોકાણઃ**

ઇમારત, પ્લાન્ટ અને મશીનરી તથા અન્ય સ્થાયી મિલકતો જે ઉત્પાદન કરવા માટે અથવા સેવા પૂરી પાડવા માટે જરૂરી હોય તેમાં કરવામાં આવેલું મૂડીરોકાણ એટલે એકંદર સ્થાયી મૂડીરોકાણ.

(એન) **માન્ય સ્થાયી મૂડીરોકાણઃ**

માન્ય સ્થાયી મૂડીરોકાણ એટલે જરૂરી નવી ઇમારત , નવા પ્લાન્ટ અને મશીનરી અને અન્ય લગત સ્થાયી મિલકતો જે ઉત્પાદન કરવા માટે તથા સેવા પૂરી પાડવા માટે જરૂરી હોય તેમાં કરેલું મૂડીરોકાણ.

નોંધઃ અમાન્ય ખર્ચ એટલે જમીન તથા પરિવહન વાહનનો ખર્ચ , પ્રાથમિક અને ઉત્પાદન અગાઉના ખર્ચ, પ્રતિષ્ઠા ખર્ચ, ઉત્પાદન શરૂ કરવાની ફી , રોયલ્ટી, મૂડી વ્યાજ, ટેકનિકલ ફી/પરામર્શક ફી/વર્કીંગ મૂડી અથવા માન્ય રોકાણ તરીકે અગાઉ ન દર્શાવેલ રોકાણ કે અન્ય બીજું ખર્ચ જે સ્ટેટ લેવલ અમલીકરણ સમિતિ જણાવે તેવા તમામ ખર્ચ. આવા ખર્ચ કોઇ પણ પ્રકારની સહાય માટે પાત્રતા ધરાવતા નથી.

(ઓ) વાણિજિયક **ઉત્પાદનઃ**

વાણિજિયક ઉત્પાદનની તારીખ એટલે એ તારીખ જયારે એકમ માર્કેટેબલ ઉત્પાદન/આનુષંગિક સેવાઓ આપવાનું શરૂ કરે તે તારીખ. સામાન્ય સંજોગોમાં પહેલા વેચાણનું બીલ જે તારીખે બન્યું હોય તેને વાણિજિયક ઉત્પાદનની તારીખ ગણવામાં આવે છે. કોઇ સંદેહાત્મક કેસમાં , નીચે દર્શાવેલ બાબતોના આધારે ઉત્પાદન/સેવાની તારીખ ચકાસી શકાય.

- એકમે જે તે ચોકકસ તારીખે કે તેની પહેલાં જરૂરી મશીનરી ખરીદી અને તેને સ્થાપિત કરી છે કેમ ?
- એકમે જે તે ચોકકસ  તારીખે કે તેની પહેલાં વીજળી પુરવઠો મેળવેલ છે કે કેમ ?
- એકમે તે ચોકકસ તારીખે કે તેની પહેલાં વપરાશ માટે જરૂરી કાચો માલ ખરીદ્યો છે કે  કેમ ?
- એકમે જે તે મહિનામાં ઉત્પાદન કરતી વખતે વીજળી વાપરી છે કે કેમ ?

૧.0 **મૂડીરોકાણ (માન્ય સ્થાયી મૂડીરોકાણ)  સબસીડીની યોજનાઃ**

૧.૧ કૃષિ અને ફૂડ પ્રોસેસીંગ એકમો માટે સ્થાયી મૂડીરોકાણમાં  સબસીડીની સહાય

એકમની સ્થાપના/વિસ્તૃતીકરણ અને   વૈવિધ્યકરણ/આધુનિકીકરણ માટે માન્ય પ્રોજેકટ કોસ્ટના ૨૫% રકમ, વધુમાં વધુ ૫૦.૦૦ લાખની મર્યાદામાં મૂડીરોકાણ સબસીડી

૧.૨ કોલ્ડ ચેઇન   , ફૂડ ઇરેડિયેશન પ્રોસેસીંગ પ્લાન્ટ અને પેક હાઉસિસ માટે સ્થાયી મૂડીરોકાણ સબસીડીની સહાય

માન્ય પ્રોજેકટ કોસ્ટના ૨૫ %   દરે,  વધુમાં વધુ ૫૦૦.૦૦ લાખ સુધી સ્થાયી મૂડીરોકાણ સબસીડી

૧.૩ ગ્રામીણ વિસ્તારોમાં પ્રાથમિક પ્રક્રિયા કેન્દ્રો/કલેકશન કેન્દ્રો ઉભા કરવા માટે સ્થાયી મૂડીરોકાણમાં સબસીડીની સહાય

માન્ય પ્રોજેકટ કોસ્ટના ૨૫   %,   વધુમાં વધુ ૨૫૦.૦૦ લાખ સુધી સ્થાયી મૂડીરોકાણમાં સબસીડી

૧.૪ **રીફર વાહનો માટે સબસીડીઃ**

માન્ય પ્રોજેકટ કોસ્ટના ૨૫     %  પ્રમાણે  વધુમાં વધુ ૫૦.૦૦ લાખ સુધી સ્થાયી મૂડીરોકાણમાં સબસીડી.

**૧.૫ સ્થાયી મૂડીરોકાણમાં સબસીડી માટેની શરતો :-**

(એ) ઔદ્યોગિક એકમે નોડેલ એજન્સી સમક્ષ ટર્મ લોનની રકમના પ્રથમ હપ્તાની ચૂકવણીથી એક વર્ષની અંદર તથા વાણિજિયક ઉત્પાદન/આનુષંગિક સેવાઓના આપવાની શરૂઆત કરે તે પહેલા અરજી કરવાની રહેશે.

(બી) જો ઔદ્યોગિક એકમે યોજના માટે ટર્મ લોન મેળવેલી ન હોય તો રાષ્ટ્રીયકૃત બેક દ્વારા પ્રોજેકટના અધિકૃત મૂલ્યાંકન રિપોર્ટ રજૂ કરવાનો રહેશે.

(સી) સ્થાયી મૂડીરોકાણમાં સબસીડીની રકમ , ૧.૧ તથા ૧.૪ હેઠળની યોજના અંતર્ગત મંજુર કરેલ રકમ બે સરખા ભાગમાં અને ૧.૨ તથા ૧.૩ યોજના અંતર્ગત મંજુર કરાયેલ રકમના ૨૫ % ૫૦% અને ૨૫ % એમ ત્રણ ભાગમાં ઉધોગ સાહસિકોને સહાય ચૂકવવામાં આવશે.

(ડી) એકમે વાણિજય વિષયક ઉત્પાદન શરૂ કર્યાની તારીખથી પાંચ વર્ષ સુધી ઉત્પાદન ચાલુ રાખવું પડશે અને જો તેમાં નિષ્ફળ જાય , તો સ્થાયી મૂડીરોકાણમાં સબસીડી અંતર્ગત આપવામાં આવેલ સહાયની રકમ વસૂલ લેવામાં આવશે.

(ઇ) સ્થાયી મૂડીસબસીડીની કુલ સહાય (રાજય + કેન્દ્ર), કોઇપણ સંજોગોમાં માન્યા ખર્ચના૫૦ % વધવી જોઇએ નહીં.

**૨.૦ ટર્મ લોન પર બેક એન્ડેડ વ્યાજ સબસીડીની યોજનાઃ**

૨.૧ કૃષિ અને ફૂડ પ્રોસેસીંગ એકમોને ટર્મ લોન પર બેક એન્ડેડ વ્યાજ સબસીડીની યોજનાઃ

કૃષિ અને ફૂડ પ્રોસેસીંગ એકમોની સ્થાપના/વિસ્તૃતીકરણ અને વૈવિધ્યીકરણ/ આધુનિકીકરણ માટે મેળવેલ ટર્મ લોન પર ૭.૫ % દરે બેંક એન્ડેડ વ્યાજ સહાય પાંચ વર્ષના સમયગાળામાં વધુમાં વધુ રૂા. ૧૫૦.૦૦ લાખની રકમની મર્યાદામાં મળવાપાત્ર થશે.

૨.૨ કૃષિ અને ફૂડ પ્રોસેસીંગના આંતરમાળખાકીય સુવિધાના પ્રોજેકટોને ટર્મ લોન પર બેંક એન્ડેડ વ્યાજ સબસીડીની યોજના:-

કૃષિ અને ફૂડપ્રોસેસીંગના માળખાકીય સુવિધાના પ્રોજેકટો જેવા કે સીએ કોલ્ડ સ્ટોરેજ , ફૂડ ઇરેડીશન પ્રોસેસીંગ પ્લાન્ટ, સાઇલોસ, પેક હાઉસીસ, ફૂડ પાકર્સ, રીફર વેન્સ વિગેરે માટે ટર્મ લોન પર ૭.૫ % ના દરે બેક એન્ડેડ વ્યાજ સહાય પાંચ વર્ષના સમયગાળામાં વધુમાં વધુ રૂા. ૪૦૦.૦૦ લાખની મર્યાદામાં મળવાપાત્ર થશે.

૨.૩ **ટર્મ લોન પર વધારાની બેક એન્ડેડ વ્યાજ સબસીડીની યોજનાઃ**

(એ) અનુસૂચિત જાતિ/જનજાતિ , વિકલાંગ અથવા મહિલા સાહસિક માટે ટર્મલોન પર વધારાના ૧% ના દરે વ્યાજ સહાય

(બી) ઉદ્યોગ સાહસિકો કે જે ૩૫ વર્ષથી નાની ઉંમરના હોય તેમના માટે ટર્મલોન પર વધારાના ૧% વ્યાજ સહાય

**નોંધઃ** મળવાપાત્ર વધારાની સબસીડી કુલ સહાયની રકમની મર્યાદામાં રહેશે.

૨.૪ **વ્યાજ સબસીડી માટેની શરતોઃ**

(એ) એકમને બેંક તરફથી મળેલ લોનના પ્રથમ હપ્તાના એક વર્ષની અંદર અને વાણિજિયક ઉત્પાદન/આનુષંગિક સેવાઓની શરૂઆત પહેલા નોડલ એજન્સીને અરજી કરવાની રહેશે.

(બી) વ્યાજ સહાય માટેની પાત્રતા માટે , એકમ દ્વારા તારીખના વિકલ્પ તરીકે , લોનની પ્રથમ હપ્તાની ચૂકવણીની તારીખ અથવા વાણિજિયક ઉત્પાદન શરૂ થયાની તારીખ પૈકી કોઇ એક સ્વિકારી શકે છે.

(સી) મોડી રજૂ કરાયેલ અરજીની વિચારણા એ શરતે કરવામાં આવશે કે વાણિજિયક ઉત્પાીદન શરૂ કરવામાં તેટલો સમય કાપી લેવામાં આવશે. અને તે પ્રમાણમાં સબસીડીની મહતમ મર્યાદામાંથી તેટલા પ્રમાણમાં રકમ કાપી લેવાશે.

(ડી) એકમ દ્વારા વાણિજિયક ઉત્પાદન/આનુષંગિક સેવાઓ શરૂ કર્યા પછી જ વ્યાજ સબસીડીની સહાયની રકમની ચુકવણી કરવામાં આવશે.

(ઇ) જો એકમ રીઝર્વ બેકની માર્ગદર્શિકા મુજબ બેંક અથવા નાણાકીય સંસ્થાને ટર્મ લોનની રકમના હપ્તામની રકમ કે ચુકવવાપાત્ર વ્યાજની રકમ, ભરવામાં કસૂર કરે તો તેવો ડીફોલ્ટ સમય પાંચ વર્ષમાંથી બાદ કરવામાં આવશે.

(એફ) શિક્ષાત્મક વ્યાજ અથવા અન્ય ક્ષતિઓ/આરોપોના સંજોગોમાં વ્યાજ સહાય મળવાપાત્ર થશે નહીં.

(જી) બેક/નાણાકીય સંસ્થાને ચૂકવવાપાત્ર કુલ વ્યાજની રકમથી કોઇપણ સંજોગોમાં , વ્યાજ સહાયની કુલ રકમ (રાજય અને કેન્દ્ર મળીને) વધવી જોઇએ નહીં.

(એચ) એકમે વાણિજિયક ઉત્પાદન અથવા આનુષંગિક સેવાઓ પુરી પાડવાની તારીખથી ૫ વર્ષ સુધી ઉત્પા દન ચાલુ રાખવું જોઇશે જો પાંચ વર્ષ સુધી ઉત્પાદન/સેવા ચાલુ રાખવામાં નિષ્ફળ રહે છે તો તેઓને ચુકવાયેલ બેંક એન્ડેડ વ્યાજ સહાયની રકમ પરત લઇ લેવામાં આવશે.

(આઇ) ૧% વધારાની સબસીડી એવા એકમને ચૂકવવામાં આવશે જેઓના દાવાની રજુઆત વખતે કંપનીના ૧૦૦ % માલિક તરીકે અનુસૂચિત જાતિ/જનજાતિ/વિકલાંગ/મહિલા સાહસિકો હોય અને ૧ % વધારાની સબસીડી એવા એકમને ચુકવાશે જે એકમમાં ૧૦૦% માલિકી ધરાવતા સાહસિકો ૩૫ વર્ષથી નીચેના હોય. પાંચ વર્ષ સુધી આ મુજબના માલિકીપણાની પેટર્નમાં ફેરફાર થઇ શકશે નહીં.

૨.૫ સ્થાયી **મૂડીરોકાણ સબસીડી અને વ્યા◌ાજ સબસીડીમાં લાગુ પડતી શરતોઃ**

(એ) રિઝર્વ બેંક ઓફ ઇન્ડીયાની માર્ગદર્શિકા મુજબ જ બેંક અથવા નાણાકીય સંસ્થા દ્વારા લોન મંજુર કરાયેલ હોય તેવા એકમને જ આ ઠરાવ મુજબની સહાય મળવાપાત્ર થશે. જયારે નોન-બેન્કિંગ નાણાકીય સંસ્થા દ્વારા લોન મંજૂર થયેલ હશે તેવા કિસ્સાઓમાં આ ઠરાવ અંતર્ગત કોઇપણ પ્રોત્સાહનને લાયક નહીં ગણાય.

(બી) જયાં સુધી તેવી કોઇ ખાસ યોજના અંતર્ગત સ્પષ્ટ હોય તે સિવાય, જે એકમ આ ઠરાવ અંતર્ગત સહાયતા મેળવતો હશે તે રાજય સરકારની સમાન પ્રકારની અન્યે યોજનાનો લાભ લઇ શકશે નહીં.

(સી) આ ઠરાવ અંતર્ગત કોઇપણ સાહસિક અથવા સાહસિકોના ગૃપ , તેમના એકસરખા સામાન્ય પ્રોમોટર્સ સાથે એક સાથે બે જગ્યાએથી નવો એકમ સ્થાપવા અથવા વિસ્તરણ/વૈવિધ્યસકરણ અથવા આધુનિકરણ માટે સહાય મેળવવા માટે પાત્ર ગણાશે.

(ડી) નોડલ એજન્સી દ્વારા સમયે સમયે માંગવામાં આવે ત્યારે દરેક એકમે તેના ઉત્પાદન, વેચાણ, ટર્નઓવર અને રોજગાર વિગેરેની વિગતો સમયસર આપવાની રહેશે

(ઇ) આ ઠરાવ અંતર્ગત સહાય લેતા એકમે , સક્ષમ સત્તાતંત્ર દ્વારા નિર્દિષ્ટ કર્યા મુજબના અને મંજુર કરેલા હોય તેવા પ્રદૂષણ નિયંત્રણ માટેના સાધનો લગાવવાના તેમજ તેવા ધોરણો જાળવવાના રહેશે.

(એફ) એકમ દ્વારા તેના કુલ મહેકમમાં સ્થાગનિક વ્યરકિતઓને ન્યૂનત્તમ ૮૫% રોજગારી આપવાની રહેશે જેમાં ૬૦% સંચાલકીય અને સુપરવાઇઝરી સ્ટાફ સ્થાનિક લોકોનો રહેશે. સ્થાનિક રોજગારીની આ ટકાવારી કાયમી ધોરણે જાળવવાની રહેશે. જો એકમ સ્થાનિક લોકોની ભરતી કરવામાં નિષ્ફળ જણાશે તો સહાયની ચુકવાયેલ રકમ, બાકી જમીન મહેસૂલ તરીકે વસુલ લેવામાં લેવામાં આવશે.

(જી) સંસ્થાએ સંસ્થાના લેટરહેડ પર અધિકૃત સક્ષમ વ્યકિત દ્વારા સહી કરીને બાંહેધરી આપવી પડશે કે તેણે બધાં જ સરકારી લેણા સમયસર ચૂકવેલ છે.

(એચ) જો માંદા એકમના અથવા બંધ એકમના રીવાઇવલ માટે વિસ્તરણ અથવા નવીનીકરણ કરેલ હોય તો તેને G.B.I.F.R ની સ્કીમ અંતર્ગત સહાય મેળવવાની રહેશે તેને આ યોજના અંતર્ગત આ સહાય મળવાપાત્ર થશે નહીં.

(આઇ) એકમ આ પ્રકારની અન્ય ભારત સરકારની યોજના હોય તો તે અંતર્ગત પણ સહાય મેળવી શકે છે.

(જે) સહાયપાત્રતા માટે ફકત નવા પ્લાન્ટ અને મશીનરીનો ખર્ચ જ માન્યહ ગણાશે.

૩.૦ **નૂર સબસીડી માટેની નાણાકીય સહાયની યોજનાઃ**

આ યોજના અંતર્ગત ફકત માઇક્રો , સ્મોલ અને મધ્યજમ એકમો ( MSME) ને જ સહાય મળવાપાત્ર થશે.

૩.૧ **હવાઇ ભાડામાં નાણાકીય સહાયકી યોજના :-**

વૈશ્વિકરણને ધ્યાનમાં રાખતા , રાજયમાંથી ખેતીવાડી અને પ્રોસેસ્ડ ફૂડના નિકાસને પ્રોત્સાહન આપવું જરૂરી છે. આ પાસાને ધ્યાનમાં રાખતા , અમદાવાદ ઇન્ટરનેશનલ એરપોર્ટ ખાતેના કાર્ગો કોમ્પ્લેક્ષથી કાનુની રીતે સ્થવપાયેલ કોઇપણ એકમ, નિકાસ માટે મોકલેલા કોઇપણ તાજા અથવા પ્રક્રિયા કરેલ બાગાયત , દૂધ, પોલ્ટ્રી, મત્સ્ય, ઉત્પાદન માટે માન્ય સંસ્થાને ચૂકવેલ ખરેખર હવાઇ નૂરની રકમના ૨૫ % રકમ પ્રતિવર્ષ મહત્તમ રૂા. ૧૦ લાખની મર્યાદામાં, ઓર્ગેનિક પ્રોડકટ હોય ત્યારે ખરેખર ચૂકવાયેલ ભાડાના ૪૦ % રકમ વધુમાં વધુ રૂા. ૧૫ લાખ પ્રતિ વર્ષની મર્યાદામાં , પાંચ વર્ષ સુધી નીચેની શરતોએ સહાયને પાત્ર રહેશે.

(૧) આ મુજબની સહાય ૫ વર્ષથી વધુ સમય માટે મંજૂર કરી શકાશે નહીં જે એકમે અગાઉ આવી યોજના હેઠળ સહાય મેળવેલ હશે તેઓને પણ આ યોજના હેઠળ સહાયપાત્ર રહેશે નહી.

(૨) જયારે નિકાસના હેતુ માટે, ખાદ્ય કૃષિ ઉત્પાદનનો નમૂનો વિદેશમાં મોકલવાના હોય અને તેવા નમૂના પાસ કરાવવા જયારે ખર્ચ થાય ત્યારે વાસ્તવિક કાયદેસરના ખર્ચની (ટ્રાવેલીંગ ખર્ચ સિવાયની રકમ) રકમના ૨૫ % રકમ પ્રતિવર્ષ રૂા. ૨ લાખની મર્યાદામાં અને વધુમાં વધુ લાભાર્થી દીઠ રૂા. ૫ લાખની મર્યાદામાં સહાય મળવાપાત્ર થશે.

૩.૨ **દરિયાઇ ભાડામાં નાણાકીય સહાયકી યોજના :-**

વૈશ્વિકરણને ધ્યાનમાં રાખતા , રાજયમાંથી ખેતીવાડી અને પ્રોસેસ્ડ ફૂડના નિકાસને પ્રોત્સાહન આપવું જરૂરી છે આ પાસાને ધ્યાનમાં રાખતા ગુજરાતના કાર્ગો સેન્ટરથી નિકાસ માટે મોકલેલા કોઇપણ તાજા બાગાયતી ઉત્પાદન માટે માન્ય સંસ્થાને કે ઉધોગ સાહસિકોને ખરેખર દરિયાઇ ભાડા પેટે ચુકવેલ રકમના ૨૫ % રકમ, પ્રતિવર્ષ મહત્તમ રૂા.૧૦ લાખની સહાય અને. ઓર્ગેનિક તાજા બાગાયતી પ્રોડકટ માટે ખરેખર દરિયાઇ ભાડા પેટે ચુકવેલ રકમના ૪૦% સહાય, વધુમાં વધુ રૂા.૧૫ લાખ પ્રતિ વર્ષ સહાય મળવાપાત્ર રહેશે.આ સહાય પ્રતિ એકમને પાંચ વર્ષથી વધુ સમય મળવાપાત્ર થશે નહીં.

૪.૦ **અન્ય યોજનાઓઃ**

૪.૧ **ગુણવત્તા પ્રમાણન પ્રમાણપત્ર :-**

એમ.એસ.એમ.ઇ કૃષિ ઉદ્યોગ એકમને નિકાસ કરવાના હેતુ માટે ગુણવત્તા પ્રમાણન પ્રમાણપત્ર મેળવવાનું હોય છે.

૪.૧.૧ ઉદ્યોગ સાહસિક એકમ દ્વારા કવોલીટી કાઉન્સીનલ ઓફ ઇન્ડીયા દ્વારા માન્ય સંસ્થાઓ જેવી કે (ISO/HACCP/FSSAI/FPO/India Organic Certification mark/Agmark વિગેરે પાસેથી ઉત્પાદનનું યોગ્ય ગુણવત્તા પ્રમાણન પ્રમાણપત્ર મેળવવા માટે થયેલ ખર્ચના ૫૦% (વધુમાં વધુ રૂા. ૫ લાખ) ની સહાય મળવાપાત્ર થશે. આ ચૂકવણી પ્રમાણન પ્રમાણપત્ર મેળવ્યા પછી કરવામાં આવશે.

૪.૧.૨ માન્ય આંતર રાષ્ટ્રીય પ્રમાણન સત્તાતંત્રને ચુકવેલ ફીના ૫૦ % રકમ અને પ્રમાણન માટેના પરીક્ષણ સાધનો અને મશીનરીના પ્રમાણ માટે થયેલ ખર્ચના ૫૦ % રકમની સહાય એમ કુલ મળીને મહત્તમ મર્યાદા રૂા. ૧૦.૦૦ લાખની સહાય મળવાપાત્ર થશે.

૪.૨ **કૌશલ્ય વર્ધન** :

માન્ય સંસ્થામાંથી (સરકારી અને ખાનગી) એકમને જરૂરી ઉદ્યોગ માન્ય સ્કીલ સર્ટીફીકેટ મળ્યેથી પ્રતિ કર્મચારી દીઠ રૂા. ૧૦ ,૦૦૦ ની મર્યાદામાં તાલીમ માટે ચુકવેલ ફીના ૫૦ % રકમની સહાય મળવાપાત્ર થશે. આ પ્રોત્સાહન અંતર્ગત સહાય એકંદર ટોચમર્યાદા રૂા. ૦.૫ લાખ પ્રતિ વર્ષ મર્યાદામાં મહત્તમ ૩ વર્ષના સમયગાળા માટે મળશે.

૪.૩ યંત્ર/સાધન સામગ્રી તથા તકનિકી સીવીલ કામો માટેના કિંમતના ૩૫ % રકમ, મહત્તમ ૫.૦૦ લાખ રૂપિયાની મર્યાદામાં માંસની દુકાનોના આધુનિકરણ માટે સહાય મળવાપાત્ર થશે.

**નોંધઃ** યોજના નં. ૪.૧, ૪.૨ અને ૪.૩ નો લાભ કેવળ MSME યુનીટ લઇ શકશે.

૪.૪ **વેટની પુનઃ પરત ચુકવણી** :

પાત્રતા ધરાવતા કૃષિ અને ફુડ પ્રોસેસીંગ યુનીટ તથા માળખાકીય પ્રોજેકટો દ્વારા ગુજરાત વેટ એકટ – ૨૦૦૩ ની કલમ ૧૩ હેઠળ તેઓની આઉટ પુટ ટેક્ષ જવાબદારીઓ સામે ભરેલ ચોખ્ખી રકમ (નેટ ઓફ ઇન્પુલટ ક્રેડીટસ) રીઇમ્બર્સમેન્ટ કરાશે. જે સ્થાયી મૂડીરોકાણના વધુમાં વધુ ૭૦ % સુધી મળવાપાત્ર થશે.

આ સહાય નિમ્નલિખિત શરતો પર આધારીત રહેશે :

૪.૪.૧ પાત્રતા ધરાવતા એકમને તેમના પાત્ર સ્થાયી મૂડરોકાણના ૭૦ %ની મર્યાદામાં વેટની રકમની પરત ચુકવણી થઇ શકશે.

૪.૪.૨ ગુજરાત વેટ અધિનિયમ, ૨૦૦૩ ની જોગવાઇઓ હેઠળ પાત્ર યુનીટ દ્વારા સરકારી તિજોરીમાં ચોખ્ખા વેરા પેટેની રકમ ભરશે.

૪.૪.૩ પાત્રતા ધરાવતા યુનીટ દ્વારા ભરેલા ચોખ્ખા વેરાની ૮૦ % ની મર્યાદામાં રકમ પરત મળવાપાત્ર રહેશે. જેમાં (અ) વધારાનો વેરો , (બ) GVAT કાયદો, ૨૦૦૩ ની જોગવાઇઓ મુજબ ITC માં બાદ મળેલ રકમનો સમાવેશ થતો નથી. આથી સ્પષ્ટ કરવામાં આવે છે કે , GVAT કાયદો ૨૦૦૩ ની જોગવાઇઓ મુજબ વધારાની વેરાની રકમ અને ITC માં બાદ મળેલ રકમ રીઇમ્બCર્સ થઇ શકતી નથી.

૪.૪.૪ વ્યવસાયિક ઉત્પાદનની તારીખથી/સેવા શરૂ કર્યાની તારીખથી પાંચ વર્ષ અથવા ૭૦ % ની મર્યાદા પૂર્ણ થાય બેમાંથી જે વહેલું હોય ત્યાં સુધીના સમય માટે વેટની પરત ચુકવણી મળશે.

૪.૪.૫ પાત્ર યુનીટને ચોકકસ વર્ષમાં પરત મળવાપાત્ર રકમના ૧/૫ રકમ જ પરત મેળવવા હકદાર રહેશે.

૪.૪.૬ વળતરની રકમ આંતરરાજય વ્યાપાર , શાખાનું હસ્તાંતરણ,માલ વ્યવહાર તથા નિકાસના માધ્ય મથી તે પછીના ડીલર દ્વારા પુનઃ દાવો ન થાય તેવી ખાતરી માટે મર્યાદા/બંધનો રાખી શકાશે.

૪.૪.૭ પ્રોત્સાહનપાત્ર માલનું પોતાની રીતે જ ઉત્પાદન કરશે તે યુનીટ જ પ્રોત્સાહનને પાત્ર છે.

૪.૪.૮ પ્રોત્સાહિત કાળ દરમિયાન, પાત્રતા ધરાવતું યુનીટ પોતાનો વ્યવસાય બીજાને તબદીલ કરી શકશે નહીં કે પોતાના હકકો અને જવાબદારો અન્ય કોઇને નીહિત કરી શકશે નહિ.

૪.૪.૯ પાત્રતા ધરાવતું યુનીટ, પ્રોત્સાહનકાળ દરમિયાન ઉત્પાદનમાં રહેવું જોઇશે.

૪.૪.૧૦ જીએસટી (GST)ના લાગુ સમયકાળમાં, યુનીટ દ્વારા ચોકકસ માલસામાનના આંતરરાજય વેચાણ વખતે ચુકવાયેલ GST ની રકમનું રીઇન્બર્સમેન્ટ તેને એ શરતે મળશે કે જે કર ખરેખર તિજોરીમાં જમા થયેલ હોય અને રાજય સરકાર નકકી કરવામાં આવે તેની અન્ય શરતો અને તે બાબતમાં રાજય સરકારનો નિર્ણય આખરી રહેશે.

આમ છતાં, GST ના લાગુ સમયે, SGST એવા દરે રીઇમ્બરર્સ થશે કે તે માલ પર લાગુ પડતા હાલના દર કરતાં ઉંચો ન હોય.

૪.૪.૧૧ પાત્રતા ધરાવતા એકમે ચુકવણી અને રજુ કરવાના રીટર્ન ઇલેકટ્રોનીકલી કરવાના રહેશે.

૪.૪.૧૨ આંતરમાળખાકીય સુવિધાના પ્રોજેક્ટ કિસ્સામાં આ નીતિના સમયગાળામાંજ મેળવાયેલ માલસામાન પરના ભરપાઇ કરેલ કરનું રીઇમ્બર્સમેન્ટ થઇ શકશે.

૪.૪.૧૩ જે એકમ આધુનિકરણ હેઠળ છે તેને ટેક્ષની રાહત એ શરતે મળવાપાત્ર થશે કે તે છેલ્લા ત્રણ વર્ષના ભરપાઇ કરેલા વેટની રકમના એવરેજ જેટલી રકમ ભરવાનું ચાલુ રાખશે અને ફકત એનાથી વધારાની વેટની ભરપાઇની રકમ તેને રીઇમ્બર્સને પાત્ર રહેશે.

**૪.૫ વીજદર અને વીજકરમાં પ્રોત્સાધહનોઃ**

૪.૫.૧ કૃષિ, ફુડ પ્રોસેસીંગ એકમ તથા માળખાકીય પ્રોજેકટને પ્રોત્સાહન રાહત તરીકે , તેઓની વ્યવસાયિક ઉત્પાદન શરૂ થયા તારીખ અથવા સેવા આપવાનું શરૂ કરે ત્યારથી પાંચ વર્ષ

માટે તેમને વીજળી કંપની દ્વારા અપાતા વીજ બીલમાં , પ્રતિ યુનિટ રૂા.૧/- (એક) લેખેની પાવર ટેરીફ સબસીડી, રીઇમ્બર્સમેન્ટના ધોરણે. મળવાપાત્ર થશે.

૪.૫.૨ કૃષિ, ફુડ પ્રોસેસીંગ અને માળખાકીય પ્રોજેકટને પાવર ટેરીફ સબસીડી સાથે સાથે પાંચ વર્ષ સુધી તેઓએ બીલની સાથે ભરેલા વીજકરની રકમનું પણ રીઇમ્બર્સમેન્ટ મળશે.

૧. ઉપર દર્શાવેલી રાહતો, કૃષિ ફુડ પ્રોસેસીંગ એકમ અને માળખાકીય પ્રોજેકટ દ્વારા રાજયની વીજ વિતરણ કંપનીઓ અને વીજ વીતરણ લાયસન્સ ધરાવનાર પાસેથી વીજ પુરવઠો લેનારને જ મળશે. પરંતુ જે યુનિટો પોતાના કેપ્ટીવ પાવર પ્લાન્ટમાંથી વીજ ઉત્પાદન કરીને અથવા ઓપન એસેસથી વીજ પુરવઠો મેળવે તેઓને આ લાભ મળશે નહીં.

૨. હયાત એકમ , જે વિસ્ત રણ કે વૈવિધ્યકરણ હેઠળ છે તેઓના વિસ્તરણ કે વૈવિધ્યકકરણના કારણે થનાર વધારાના વીજ વપરાશ પર જ પાવર ટેરીફ તથા વીજ કરની રીઇમ્બર્સમેન્ટની સહાય મળશે.

૪.૬ **નોંધણી / સ્ટેમ્પ ડ્યુટી રાહત :**

કૃષિ તથા ફુડ પ્રોસેસીંગ યુનીટને તેઓને ભરપાઇ કરેલ સ્ટેમ્પ ડયુટી/વેચાણની નોંધણી ફી/તબદીલી ફી/ભાડા પટા માટે ભરેલ રકમના ૫૦ % રીઇમ્બર્સ થશે. તથા કૃષિ અને ફુડ પ્રોસેસીંગના ક્ષેત્રમાં, માળખાકીય પ્રોજેકટ સ્થાપવા માટે ચુકવાયેલ સ્ટેમ્પ ડયુટી/ નોંધણી શુલ્ક / રૂપાંતર શુલ્કની ૧૦૦% રકમ રીઇમ્બર્સ થશે.

૫.૦ **રાજયકક્ષાની અમલીકરણ સમિતિ :**

૫.૧ આ ઠરાવ હેઠળ મળેલ વિવિધ દરખાસ્તોયમાં રાહતો મંજુર કરવા સંબંધમાં વિચારણા માટે નીચે જણાવેલ સભ્યોવ ધરાવતી એક રાજય કક્ષાની અમલીકરણ સમિતિ થશે.

૧. અગ્ર સચિવશ્રી (કૃષિ) ચેરમેન
૨. સચિવશ્રી , સહકાર અને પશુપાલન સભ્ય
૩. સચિવશ્રી (નાણાં) સભ્ય
૪. ઉદ્યોગ કમિશ્નરશ્રી સભ્ય
૫. મેનેજીંગ ડીરેકટરશ્રી , ગુજરાત એગ્રો ઇન્ડસ્ટ્રીઝ સભ્યમ સચિવ

કોર્પોરેશન, ગાંધીનગર.

ચેરમેનશ્રીને જયારે યોગ્ય જણાય ત્યારે સંબંધિત સરકારી કચેરીમાંના નિષ્ણાત અધિકારીને અભિપ્રાય માટે આમંત્રી શકે છે.

આ સમિતિ આ ઠરાવના ફકરા ૧.૦ , ૨.૦, ૪.૪, ૪.૫ અને ૪.૬ માં નિર્દિષ્ટ કરેલ યોજના હેઠળ મધ્યમ તથા મોટીકક્ષાના કૃષિ , ફુડ પ્રોસેસીંગ અને માળખાકીય પ્રોજેકટોને સહાય મંજુરીની દરખાસ્તોની વિચારણા કરશે. જે તે સેકટર , સબસેકટરની અગ્રતા તથા નાણાકીય જોગવાઇઓને આધિન રહીને મળેલ દરખાસ્તો ની વિચારણા કરવામાં આવશે.

આ ઠરાવ હેઠળની કોઇ પણ જોગવાઇનું અર્થઘટન કરવાની તથા આ ઠરાવની કોઇ પણ જોગવાઇ સંબંધમાં સ્પષ્ટતા કરવા/નિર્ણય કરવાને માટે આ સમિતિ અધિકૃત છે અને તે અરજદારને આખરી અને બંધનકર્તા રહેશે. રાજયના એકંદર કૃષિ વિકાસને ધ્યાને લઇને કોઇ પણ સેકટર/ સબસેકટરને આ ઠરાવની જોગવાઇ હેઠળ લાવવા/ બાકાત રાખવા માટે આ સમિતિ સક્ષમ રહેશે.

૫.૨ આ ઠરાવ હેઠળ મંજુર થયેલા પ્રોજેકટોની દેખરેખ અને જુદી જુદી યોજનાઓના અમલીકરણી સમીક્ષા કરવા નીચે મુજબના સભ્યોની બનેલી સમિતિની રચના કરવામાં આવે છે.

૧. અગ્ર સચિવશ્રી (કૃષિ) ચેરમેન

૨. મત્સ્યોદ્યોગ કમિશ્નરશ્રી સભ્ય

૩. ખેતી નિયામકશ્રી સભ્ય

૪. બાગાયત નિયામકશ્રી સભ્ય

૫. પશુપાલન નિયામકશ્રી સભ્ય

૬. નાણાં સલાહકાર (કૃષિ) નાણાં વિભાગ સભ્ય

૭. નાયબ સચિવ , કૃષિ અને સહકાર વિભાગ સભ્ય

૮. વહીવટી સંચાલક, ગુજરાત એગ્રો ઇન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન, ગાંધીનગર સભ્ય-સચિવ

આ ઠરાવ હેઠળની જુદી જુદી યોજનાઓનાવધુ સારા અમલીકરણ માટે આ સમિતિ, રાજય અમલીકરણ સમિતિને તથા મેનેજીંગ ડીરેકટરશ્રી , ગુજરાત એગ્રો ઇન્ડસ્ટ્રીઝ કોર્પોરેશનને સૂચનો કરશે.

૫.૩ યોજના ક્રમાંક ૧.૦, ૨.૦, ૪.૪, ૪.૫ અને ૪.૬ હેઠળના માઇક્રો અને સ્મોલ સ્કેલ કૃષિ , ફુડ પ્રોસેસીંગ અને માળખાકીય પ્રોજેકટોમાં તથા યોજના ક્રમાંક ૩.૦, ૪.૧, ૪.૨ અને ૪.૩ હેઠળનાં બધા એકમોની દરખાસ્તોજમાં મંજુરી તથા સહાયની રકમની વહેંચણીની કાર્યવાહી મેનેજીંગ ડીરેકટરશ્રી , ગુજરાત એગ્રો ઇન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન દ્વારા કરાશે. મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત એગ્રો ઇન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન જયારે તેઓને જરૂર જણાય ત્યારે રાજય સરકારની સંબંધિત કચેરીના અધિકારીની નિષ્ણાત સલાહ/અભિપ્રાય લઇ શકશે

૬.૦ **કાર્યપધ્ધતિ** :

(એ) આ ઠરાવ હેઠળની યોજનાઓના અમલીકરણ માટે ગુજરાત એગ્રો ઇન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન નોડલ એજન્સી રહેશે.

(બી) સ્કીમ મુજબ નિયત અરજીપત્રકો તેઓની વેબસાઇટ પર ઉપલબ્ધ રહેશે.

(સી) યોજનાઓની વિગતવાર ઓપરેશન ગાઇડલાઇન્સ જીએઆઈસી લી. દ્વારા ઘડવામાં આવશે અને તે રાજ્ય સ્તરની અમલીકરણ સમિતિ દ્વારા મંજુર કરવામાં આવશે.

૭.૦ **નાણાકીય જોગવાઈ** :

૧.૧ કૃષિ ઉદ્યોગોને નાણાકીય સહાય હેઠળ વર્ષ ૨૦૧૬ – ૧૭ માં રૂ.૧૧૦૦ લાખની જોગવાઇ કરવામાં આવી છે. (આ ઉપરાંત મા.મુખ્યમંત્રીના ફુડ પ્રોસેસીંગ મિશનમાં રૂા.૨૫૦૦ લાખની રકમ મંજુર કરાયેલ છે) વર્ષ ૨૦૧૬-૧૭ માં આ હેતુ માટે થયેલ રૂા. ૧૧૦૦ લાખની જોગવાઇ સામે ખર્ચ કરવાની આથી વહીવટી મંજુરી આપવામાં આવે છે આ હેતુ માટે થનાર ખર્ચ નીચે મુજબની અંદાજપત્રીય જોગવાઇમાંથી મેળવવામાં આવશે.

માંગણી ક્રમાંક-૨ – ૨૪૦૧ પાક કૃષિ વ્યવસ્થા – ૧૯૫ – સહકારી સંસ્થાઓને સહાય – ૦૨ એજીઆર – ૧૩ કૃષિ ઉદ્યોગોને નાણાંકિય સહાય

આ અનુદાન નિયામકશ્રી , કૃષિને હવાલે મૂકવામાં આવશે જેઓ આ રકમ અમલીકરણ એજન્સીને હવાલે મૂકશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૨૬-૪-૨૦૧૬ ની નોંધથી મળેલ સંમતિ અન્વયેબહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી/-

**( આર.કે.શાહ )**

નાયબ સચિવ

કૃષિ અને સહકાર વિભાગ.

પ્રતિ

૧. મા.રાજયપાલશ્રીના સચિવશ્રી , રાજભવન ગાંધીનગર (પત્રથી)
૨. મા.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી , સચિવાલય, ગાંધીનગર
૩. સર્વે મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૪. મા.મુખ્યમંત્રીશ્રીના સલાહકારશ્રી , સચિવાલય, ગાંધીનગર
૫. મુખ્યસચિવશ્રી , સચિવાલય, ગાંધીનગર
૬. અધિક મુખ્ય સચિવશ્રી , નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૭. નાણા સલાહકારશ્રી , નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૮. સચિવાલયના સર્વે વિભાગો , ગાંધીનગર
૯. મેનેજીંગ ડીરેકટરશ્રી , જીએઆઈસી લી., ગાંધીનગર
૧૦. કૃષિ તથા સહકાર વિભાગના સર્વે ખાતાની વડાની કચેરીઓ
૧૧. ઉદ્યોગ કમિશ્નરશ્રી , ઉદ્યોગ ભવન, ગાંધીનગર
૧૨. એકાઉન્ટન્ટ જનરલશ્રીની કચેરી , રાજકોટ / અમદાવાદ
૧૩. વ્યવસાયિક વેરા ભવન, અમદાવાદ
૧૪. મુખ્ય વિદ્યુત કમિશ્નરશ્રી , ઉદ્યોગ ભવન, ગાંધીનગર
૧૫. કાર્યકારી સંચાલક, ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિ. વડોદરા
૧૬. માહિતી નિયામકરશ્રી , ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
૧૭. કમિશ્નરશ્રી , સ્ટેમ્પ ડયુટી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
૧૮. સિલેક્ટ ફાઈલ